મંત્રીઓ, સાંસદ, મેયર, ધારાસભ્યો, જિં.પં.ના પ્રમુખ, અગ્રણીઓ તથા અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા

જામનગર એરપોર્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કરાયુ ઉષ્માભર્યું સ્વાગત

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ જામનગરના રૂા. ૬૨૨.૫૨ કરોડથી વધુના ૬૭ કામોના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે જામનગર એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીનું મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સ્વાગતમાં કેબિનેટમંત્રી અને પ્રભારીમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, મેયર વિનોભાઈ ખીમસૂર્યા, રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મેઘબેન ગરસર, ધારાસભ્યો દિવ્યેશભાઈ અકબરી, મેઘજીભાઈ ચાવડા, અગ્રણીઓ ડો. વિનોદભાઈ ભંડેરી, બીનાબેન કોઠારી, જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા પોલીસવડા ડો. રવિમોહન સૈની, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, ઓર્પોર્ટ ઓથોરિટીના ડાયરેકટર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ સ્થળેથી મળી આવી દેશી દારૂની ભઠ્ઠી:

બાવળની ઝાળીઓમાં સંતાડીને રાખવામાં આવેલી ઈંગ્લીશ દારૂની ૯૨ બોટલ કબજે: એક શખ્સ ઝડપાયો

જામનગર તા. ૨૪: જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં ૯૨ ક્વાર્ટર પાસેથી ગઈરાત્રે પોલીસે બાવળની ઝાળીઓમાં સંતાડીને રાખવામાં આવેલી ઈંગ્લીશ દારૂની ૯૮ બોટલ કબજે કરી છે. ઝડપાયેલા શખ્યે સાગરિતનું નામ આપ્યું છે. ત્રણ સ્થળેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ ગઈ છે.

જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા ૯૨ ક્વાર્ટર પાછળ બાવળની ઝાળીમાં એક શખ્સે ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડયો હોવાની બાતમી પરથી ગઈરાત્રે સિટી સી ડિવિઝનના સ્ટાફે ત્યાં દરોડો પાડતા બિપીન કારાભાઈ મુછડીયા ઉર્ફે લાકડી નામનો શખ્સ ઈંગ્લીશ દારૂની ૯૮ બોટલ સાથે ઝડપાઈ ગયો હતો. આ શખ્સની પૂછપરછ હાથ ધરાતા તેણે પોતાના સાગરીત વિમલ તુલસીભાઈ પમનાણી ઉર્ફે ડોડારાનું નામ આપ્યું છે. રૂા.૪૯ હજારની બોટલ કબજે કરાઈ છે.

જામનગરના પવનચક્કી વિસ્તારમાંથી શનિવારે રાત્રે પસાર થતાં શંકરટેકરી સ્થિત સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા રોહિત ડાયાભાઈ રાઠોડ નામના શખ્સને પોલીસે શકના આધારે રોકાવી તેની તલાશી લેતા આ શખ્સ પાસેથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની એક બોટલ મળી આવી હતી. જ્યારે રણજીતસાગર રોડ પર આવેલી હર્ષદ મીલની ચાલી પાસેથી શનિવારે રાત્રે વૃદ્ધાશ્રમ નજીક આવેલી દવાબજાર કોલોનીમાં રહેતો નરેશ વજુભાઈ વરાળીયા નામનો શખ્સ ઈંગ્લિશ દારૂની એક નાની બોટલ સાથે ઝડપાઈ ગયો છે.

જામનગરના દિગ્જામ વુલન મીલ નજીક બાવરી વાસમાં કેસરીબેન રામપ્રસાદ પરમાર નામના મહિલાના ઝૂંપડામાંથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી છે. બેજવંતી વિજયસિંગ ડાભી તથા ગંગાબેન લક્ષ્મણભાઈ પરમાર નામના અન્ય બે મહિલાના ઝૂંપડામાંથી પણ દેશી દારૂની ભઠ્ઠી મળી આવી છે. સ્થળ પરથી દારૂ, આથો, ભઠ્ઠીના સાધનો કબજે કરાયા છે.

પટમાંથી રૂા.૧૨,૭૬૦ રોકડા કબજે કરાયા:

જડેશ્વર પાર્ક પાસે શનિવારે રાત્રે ગંજીપાનાથી જુગાર રમતા છ મહિલા સહિત આઠ પકડાયા

જામનગર તા. ૨૪: જામનગરના રણજીત સાગર રોડ પર જડેશ્વર પાર્કના મુખ્ય ચોકમાંથી શનિવારે રાત્રે પોલીસે ગંજીપાના વડે જુગાર રમતા બે શખ્સ અને આઠ મહિલાને રૂા.૧૨૭૬૦ સાથે પકડી પાડયા હતા.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા જડેશ્વર પાર્ક પાસે શનિવારે રાત્રે કેટલાક વ્યક્તિઓ એકઠા થઈને ગંજીપાનાથી જુગાર રમતા હોવાની બાતમી પરથી સીટી-એ ડિવિઝનના સ્ટાફે રાત્રે દોઢ વાગ્યે જડેશ્વર પાર્કના મુખ્ય ચોકમાં વૃંદાવન-૧ પાસે દરોડો પાડયો હતો.

આ સ્થળે તીનપત્તી રમી રહેલા નીતાબા ભરતસિંહ પિંગળ, સુનિતાબેન જીતેન્દ્રભાઈ નાગપાલ, આશાબેન યોગેશભાઈ મેવાડા, પુષ્પાબેન મનીષભાઈ ચાવડા, શાંતાબેન પરસોત્તમભાઈ શેઠિયા, મીનાબેન વલીદાસ સોલંકી, અંકિત વલ્લીદાસ સોલંકી તથા બલવીરસિંહ દિલીપસિંહ ગોહિલ નામના આઠ વ્યક્તિ મળી આવ્યા હતા. પોલીસે ૬ મહિલા તથા બે શખ્સ સામે જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધી પટમાંથી રૂપિયા ૧૨,૭૬૦ રોકડા કબજે કર્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

- ★ યુએન સુરક્ષા પરિષદમાં સુધારો હવે વિકલ્પ નહીં પણ અનિવાર્યતા છે: નરેન્દ્ર મોદી.
- ★ આઈટીબીપી ભારત-ચીન સરહદ પર ૧૦ ઓલ-વુમન બોર્ડર પોસ્ટ તૈયાર કરશે.
- ★ બિહારના ૬ જિલ્લામાંથી સ્તનપાન કરાવતી ૪૦ મહિલાના ધાવણમાં યુરેનિયમ (યુર૩૮) નું ખતરનાક સ્તર મળી આવ્યું.
- ★ ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાને રાફેલ તોડી પાડયાનો રિપોર્ટ સંપૂર્ણ ખોટો: ફ્રાન્સ.
- ★ ભારતના સ્ટાર શટલર લક્ષ્ય સેન ઓસ્ટ્રેલિયન ઓપનમાં ચેમ્પિયન.
- ★ ભારતીય ટીમે નેપાળને હરાવી પ્રથમ ટી-૨૦ બ્લાઈન્ડ મહિલા વર્લ્ડકપનું ટાઈટલ પોતાના નામે કર્યું.

રૂા.૪૮ હજારનો વાયર ચોરાઈ ગયો:

મીઠાપુર નજીક આરંભડામાં પાથરવામાં આવેલા બીએસએનએલના વાયરની ચોરી

જામનગર તા. ૨૪: ઓખામંડળમાં આરંભડામાં તાજેતરમાં ભારત સંચાર નિગમ લીમિટેડના પાથરવામાં આવેલા વાયરમાંથી એક શખ્સ ૯૬ મીટર વાયર કાપીને લઈ ગયાની આ કંપનીના સાઈટ ઈંજનેરે પોલીસમાં ફરિયાદ કરી છે. પોલીસે રૂા.૪૮ હજારના વાયરની ચોરી અંગે ખંભાળિયાના શખ્સ સામે ગુન્હો નોંધ્યો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળમાં આવેલા મીઠાપુર નજીકના આરંભડા ગામમાં ભવનાથ મહાદેવ મંદિરથી રૂકનશા પીરની દરગાહ સુધી તાજેતરમાં બીએસએનએલ કંપની દ્વારા કોપર તથા આર્મ્ડ કેબલ નાખવામાં આવ્યો હતો.

એક સ્થળે નાખવામાં આવેલા કેબલમાંથી ૯૬ મીટર વાયર ખંભાળિયાના રામનાથપરામાં રહેતા મેહુલ લખુભાઈ કણઝારીયા નામના શખ્સે કાપીને ચોરી કરી લીધાની બીએસએનએલ કંપનીના સાઈટ ઈંજનેર ગનેશ બાબુલાલ મીનાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મીઠાપુર પોલીસે રૂા.૪૮ હજારના વાયરની ચોરીનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

રૂા.૪૮ હજારનો ૯૬ મીટર વાયર કબજે:

આરંભડામાંથી બીએસએનએલના વાયર ચોરી કરનાર ખંભાળિયાનો શખ્સ ઝડપાયો

જામનગર તા. ૨૪: ઓખામંડળના આરંભડામાંથી બીએસએનએલના રૂા.૪૮ હજારના વાયરની ચોરી અંગે પોલીસે ખંભાળિયાના શખ્સને દબોચી લીધો છે.

ઓખામંડળના આરંભડામાં ભવનાથ મહાદેવ મંદિરથી રૂકનશા પીરની દરગાહ સુધી બીએસએનએલ કંપની દ્વારા પાથરવામાં આવેલા કોપર કેબલમાંથી રૂા.૪૮ હજારના કેબલની ચોરી થઈ ગયાની બીએસએનએલના સાઈટ ઈંજનેર ગનેશકુમારે પોલીસમાં ફરિયાદ કરી હતી. તે ફરિયાદના પગલે શરૂ કરાયેલી તપાસમાં ખંભાળિયાના રામનાથપરામાં રહેતા મેહુલ લખુભાઈ કણઝારીયાની ચોરાઉ વાયર સાથે પોલીસે ધરપકડ કરી લીધી છે.

આ હોટલમાં ગેરકાયદે બાંધકામ અને પાર્કિંગ નથી!:

દ્વારકામાં નાગેશ્વર મંદિરના પૂજારીઓ દ્વારા બનાવાયેલી હોટલ સામે રજૂઆત

ઓખા તા. ૨૪: દ્વારકા પાસે આવેલા નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરના હાલના પુજારીઓ સામે ભ્રષ્ટાચાર આચર્યાની રજૂઆતો થઈ રહી છે. તે દરમિયાન જામનગરના હાપામાં રહેતા અને પૂજારી પરિવારના સામા પક્ષના એક વ્યક્તિએ દ્વારકાના પ્રાંત અધિકારીને આવેદન પાઠવી દ્વારકા શહેરમાં ઉભી કરી લેવાયેલી પૂજારી પરિવારની હોટલ અંગે રજૂઆત કરી છે.

દ્વારકાથી ઓખા વચ્ચેના ઘોરીમાર્ગ પર આવેલા નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરના હાલના પૂજારીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા છે. તે દરમિયાન પૂજારી પરિવારના જ પરેશભારથી કેશુભારથી ગોસાઈએ દ્વારકા શહેરમાં સનાતન સર્કલ પાસે હાલના મંદિરના પૂજારીઓ દ્વારા બનાવવામાં આવેલી દેવ હોટલ એન્ડ રેસ્ટોરન્ટમાં ગેરકાયદે બાંધકામ થયાની અને પાર્કિંગની વ્યવસ્થા કર્યા વગર જ બાંધકામ કરી લેવાયાની રજૂઆત પ્રાંત અધિકારી સમક્ષ કરતા ચકચાર જાગી છે.

ઉપરોક્ત હોટલ પાસે અન્ય હોટલ પણ આવેલી છે. જેના કારણે વાહન પાર્કિંગમાં તકલીફ પડી રહી છે. તે ઉપરાંત આ હોટલ હરીભારથી ફૂલભારથીના ભાઈના નામે આવેલી છે અને નાગેશ્વર મંદિરમાં ભ્રષ્ટાચાર કરી ઉપરોક્ત હોટલ બનાવી લેવાયાની અને દેખાડવા માટે લોન લેવામાં આવી હોવાની વિગતો પ્રાંત અધિકારીને સોંપવામાં આવેલા આવેદનમાં જાહેર કરાઈ છે.

ખંભાળીયા: નગરપાલિકાના સાતેય વોર્ડમાં ભાજપ દ્વારા બે તબક્કામાં સ્નેહમિલન

(તસ્વીર: મુકેશ મોકરીયા)

ખંભાળીયા તા. ૨૨: ખંભાળીયા નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ ૧ થી ૪ તથા વોર્ડ ૫ થી ૭નું સ્નેહમિલન બે તબક્કામાં યોજાયું હતું.

ખંભાળીયા શહેરમાં વોર્ડ નં. ૧ થી ૪ના સદસ્યો પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા તથા સાંસદ પૂનમબેન માડમ, રાજ્યના પૂર્વ મંત્રી મૂળુભાઈ બેરા, જિલ્લા પ્રમુખ મયુરભાઈ ગઢવી, શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ કિરતસાતાની ઉપસ્થિતિમાં ખંભાળીયામાં યોજાયું હતું. જ્યારે વોર્ડ નં. ૫ થી ૭ ના સદસ્યો તથા આગેવાનો મતદારો તથા સ્થાનિકો, વિવિધ જ્ઞાતિના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખાસ સંમેલન રામનાથ મહાદેવ મંદિરે ખંભાળીયામાં યોજાયું હતું.

પાલિકા સદસ્ય મહેશભાઈ રાડીયા દ્વારા રામનાથ મહાદેવ સંમેલનનું સ્વાગત પ્રવચન કરાયું હતું. તથા સંચાલન કિરીટ ખેતિયાએ કર્યું હતું.

ધી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લિ.

રજીસ્ટર્ડ ઓફીસ : છઠ્ઠા માળે, અંબરીષા ચેમ્બર્સ, ડે.વી. રોડ, જામનગર.

ઈન્ડમનીટી બોન્ડ

હું નીચે સહી કરનાર મુકુંદરાય કાન્તીલાલ સેવક ધી કોમર્શીયલ કો- ઓપરેટીવ બેંક લી. જામનગરના સભાસદ હું મારા સભાસદ નંબર ૭૨૫ છે. હું બેંકના શેર ૧ ધરાવું છું મને ઈસ્યુ કરેલ શેર સર્ટીફીકેટ નંબર ૭૭૬ ના સીરીયલ નં. ૩૮૮૬ થી ---- સુધીના મારાથી ગુમ થયેલ છે યા ગેરવલ્લે થયેલ છે.

મારી માંગણી ઉપરથી બેંકે મને ડુપ્લીકેટ સર્ટીફીકેટ ઈસ્યું કરવાનું નકકી કરતાં હું આ ઈન્ડમનીટી બોન્ડથી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. જામનગર ને લખી આપીએ છીએ કે, મને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યું કરવાને પરીણામે બેંકને કંઈ નુકશાન સહન કરવું પડે યા તેના ઉપર કોઈના ૦૦૦, દાવો ઉપસ્થિત થાય અને તે માટે બેંકને નુકશાન સહન કરવું પડે તો તે નુકશાની બેંકને ભરપાઈ કરી આપીશ

આ શેર ઉપર મે કોઈ બોજો કરેલ નથી યા કયાંક ગીરો કે બક્ષીસ કરેલ નથી. તે હું જાહેર કરૂ છું.

જામનગર — આપનો વિશ્વાસુ
તા.૨૪-૧૧-૨૦૨૫ — મુકુંદરાય કાન્તીલાલ સેવક

સંબંધ વિચ્છેદ की सार्वजनिक सूचना

हम, बलदेव सिंघ, आम जनता को यह औपचारिक सार्वजनिक सूचना जारी करते हैं कि हमने अपने पुत्र, विशाल बलदेव सिंघ के साथ अपने सभी पारिवारिक, व्यक्तिगत और वित्तीय संबंध स्थायी रुप से समाप्त कर दिए है, हम यह स्पष्ट करते है कि हम भविष्य में उनके किसी भी कार्य, ऋण, या देनदारियों, चाहे वह भूतकाल, वर्तमान, या भविष्य से संबंधित हों, के लिए जिम्मेदार नहीं होंगे और विशाल सिंघ को हमारी किसी भी चल या अचल संपत्ति, परिसंपत्ति, या जागीर पर, वर्तमान या भविष्य में, किसी भी प्रकार का कोई अधिकार, दावा, या हक नहीं होगा और वह स्थायी रुप से विरासत से बेदखल और अस्वीकृत है...!

कोई भी व्यक्ति या संस्था जो हमसे पारिवारिक या वित्तीय संबंध के आधार पर उनके साथ व्यवहार करता है, वह पूरी तरह से अपने जोखिम पर ऐसा करेगा।

यह घोषणा अंतिम और अटल है।

सही/नाम
बलदेव એમ. સિંઘ

પીએમ કિસાન નિધિનો ૨૧ મો હપ્તો જમા થતા

જામનગર જિલ્લાના ૯૯,૩૧૪ ખેડૂતોને રૂપિયા ૧૯ કરોડથી વધુની મળી સહાય

જામનગર તા. ૨૨: પીએમ કિસાન સન્માન નિધિનો ૨૧ મો હપ્તો રિલીઝ કરાયો છે. જામનગર જિલ્લાના ૯૯,૩૧૪ ખેડૂતોને રૂા. ૧૯ કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કોઈમ્બતુર, તામિલનાડુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૧ મો હપ્તો દેશભરના ખેડૂતો માટે રિલીઝ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય કક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ટાઉનહોલ, સેક્ટર-૧૭ મા યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ રાજ્યભરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, એપીએમસી, પીએમ કિસાન સમૃદ્ધિ કેન્દ્રો અને ગ્રામ્ય કક્ષાએ ખેડૂતો નિહાળી શકે તે માટે વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનના ભાગરૂપે જામનગર જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા લાલપુર તાલુકાના સિંગજ ગામે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં સ્થાનિક ખેડૂતોએ કાર્યક્રમ નિહાળ્યો હતો. આ ઉપરાંત જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતો અને સહકારી મંડળીઓમાં પણ બહોળી સંખ્યામાં ખેડૂતોએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળીને સરકારી યોજના પ્રત્યે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

આ ૨૧ મા હપ્તાના વિતરણના ભાગરૂપે જામનગર જિલ્લાના કુલ ૯૯,૩૧૪ ખેડૂતોને સીધો લાભ મળ્યો હતો. ખેડૂતોના બેંક ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત કુલ રૂા. ૧૯ કરોડથી વધુની સહાય જમા કરવામાં આવી છે. સરકારની આ સમયસરની નાણાકીય સહાય ખેડૂતોને ખેતી ખર્ચમાં રાહત આપવામાં અને તેમની આર્થિક સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થઈ છે.

સંપૂર્ણ જામનગર અને બાવન ગામમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરીકોને નિઃશુલ્ક બપોરનું જૈન ટિફીન પહોચાડયું

૫૦ ટીફીન રોજ જાય છે જામનગર અને બાવન ગામમાં

શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુઢકા પ્રભાદેવી

મો. 98190 06404

ફક્ત વ્હોટસએપ - ફોન કરવો નહિ

ખંભાળીયાના સામાજિક કાર્યકરની ફરિયાદ અંગે સ્પષ્ટતા...!

નગરપાલિકાની ઓફિસ લોક કરી ભોજન લેતા હોવાનો ચીફ ઓફિસરનો ખૂલાસો !

પોણો કલાક સુધી રજૂઆત સાંભળી લેવાનો દાવો

ખંભાળીયા તા. ૨૪: ખંભાળીયાના સામાજિક કાર્યકર આલાભાઈ ગોજીયા શહેરમાં વૃક્ષો સૂકાતા હોય તથા વૃક્ષો વાવેલા છે તે ડીવાઈડરવાળી જગ્યામાં બાવળીયા ઉગી ગયા હોય, આ બાબતે રજૂઆતો કરવા પાલિકા ચીફ ઓફિસરની કચેરીએ જતા ચીફ ઓફિસર રાહુલ કરમુર તેમની ચેમ્બર બંધ કરીને બેઠા હોય, 'સાહેબ' આરામ ફરમાવતા હોય, તેવી ફરિયાદ આલાભાઈ ગોજીયાએ અધિક નિવાસી કલેક્ટર તથા પ્રાંત અધિકારીને કરી હતી જે અંગે ચીફ ઓફિસર શ્રી કરમુર દ્વારા આ સમયે તેઓ ભોજન કરતા હોવાની સ્પષ્ટતા કરી હતી તથા તે પછી પોણો કલાક સુધી આ કાર્યકર સાથે વાત કરીને તેમની રજૂઆત સાંભળ્યાનું તથા સંબંધિત બાબતે તંત્રના કર્મીઓને સૂચના આપ્યાનું જણાવ્યું હતું.

અમારા કહ્યામાં નથી

આથી અમો નીચે સહી કરનાર દિલીપકુમાર ઠરજીવનભાઈ રાજાણી (ઉ.વ.૩૧) રહે. ડિકન્સ કોલોની, પ્લોટ નં.૬૭એ, એરોડ્રમ રોડ, જામનગર. મારો નાનો પુત્ર તેજસ રાજાણી (ઉ.વ.૩૧) અમારા કહ્યામાં નથી, મારે તથા મારા પરિવારને તેની સાથે કોઈપણ જાતનો વ્યવહાર નથી, મારી સ્થાવર જંગમ મિલકતમાંથી તેને બાકાત કરીએ છીએ. તેથી કોઈએ તેની સાથે કોઈપણ જાતનો આર્થિક, સામાજીક વ્યવહાર કરવો નહી, છતાં પણ કોઈ વ્યકિત વ્યવહાર કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી તે વ્યકિતની રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૩-૧૧-૨૦૨૫, — સી. દિલીપકુમાર ઠરજીવનભાઈ રાજાણી

ધી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લિ.

રજીસ્ટર્ડ ઓફીસ : છઠ્ઠા માળે, અંબરીષા ચેમ્બર્સ, ડે.વી. રોડ, જામનગર.

જાહેર નોટીસ

શ્રી મુકુંદરાય કાન્તીલાલ સેવક, સભાસદ નં.૭૨૫ હેઠળ ધી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. ના શેર્સ ધરાવે છે. તેઓના આ શેર્સ ખોવાઈ ગયેલ હોઈ / મળતા ન હોઈ તેઓએ આ શેર્સ ડુપ્લીકેટ ઈસ્યુ કરાવવા અરજી કરેલ છે. આ બાબતે કોઈને કાંઈ વાંધો-તકરાર હોય તો આ જાહેર ખબર પ્રસિધ્ધ થયે દિવસ - ૭ માં આધાર પુરાવા સાથે બેંકને રૂબરૂ આવવા લેખિતમાં જાણ કરવી, અન્યથા આ બાબતે કોઈને કાંઈ વાંધો તકરાર નથી આવવા છે પરંતુ (વેઈવ) કરેલ છે તેમ ગણી શેર્સ ડુપ્લીકેટ ઈસ્યુ કરી આપવામાં આવશે.

જામનગર — સુરેશ ડી. સવજીયા
તા.૨૪-૧૧-૨૦૨૫ — જનરલ મેનેજર & CEO

મે. મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, ખંભાળીયાની કોર્ટ

મુ.ખંભાળીયા જ.મ.રજી. નં. ૧૦૫/૨૦૨૫

લાલજીભાઈ રામજીભાઈ મોકરીયા
મુ. બસ સ્ટેશન પાછળ, રાણાવાવ
તા.જિ. પોરબંદર ... અરજદાર

::વિરૂદ્ધ::

રજીસ્ટ્રાર શ્રી, જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ-મંત્રીશ્રી, કેશોદ
તા.ખંભાળીયા જિ. દેવભૂમિ દ્વારકા ... સામાવાળા

:: જાહેર નોટીસ ::

વિષય: જન્મ/મરણની નોંધ થવા અંગે

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા લોકોને જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપરોક્ત અરજદારના પુત્રી 'મોકરીયા ગોમતીબેન લાલજી'નો જન્મ તા. ૦૭-૧૨-૧૯૭૩ના રોજ કેશોદ મુકામે થયેલ છે. જે અંગેની નોંધ સામાવાળાના રજીસ્ટરે થયેલ ન હોય તે અંગેની અત્રેની કોર્ટમાં અરજી લાવી જન્મની નોંધનો હુકમ કરી આપવા અરજી કરેલ હોય તે અંગે કોઈને વાંધો / તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં **મુદત તા. ૦૩-૧૨-૨૦૨૫ના ૧૬:૦૦ કલાક** હાજર રહેવું ગેરહાજર રહે, વાંધો/તકરાર નથી, એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩, નવેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપવામાં આવ્યા.

સહી
(એસ.બી. દેસાઈ)
મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખંભાળીયા